Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :29• Date : 07-12-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપની જીત







નવી દિલ્હી,

ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે જેમાં ભાજપને એક્ઝિટ પોલથી વિપરીત જોરદાર સફળતા મળી છે, જ્યારે કોંગ્રેસે ફરી એક વખત નિરાશાજનક દેખાવ કર્યો છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપ સરકાર બનાવવા જઈ રહ્યો છે જ્યારે તેલંગણામાં કોંગ્રેસનો વિજય થયો છે. પાંચમા રાજ્ય મિઝોરમમાં પણ ચૂંટણી થઈ હતી, પરંતુ ત્યાં સોમવારે મતગણતરી થશે. આજના વિજય પછી ભાજપમાં ભારે ઉત્સાહનો માહોલ છે કારણ કે લોકસભાની ચૂંટણી હવે માત્ર પાંચ મહિના દૂર છે. ભાજપે સ્પષ્ટ વિજય મેળવતા જ આજે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને મતદારોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, "અમે જનતા જનાર્દનને નમન કરીએ છીએ."

અત્યારની સ્થિતિ પ્રમાણે મધ્ય પ્રદેશમાં ભાજપ ૧૫૭ બેઠકો જીતી ગયો છે જ્યારે કોંગ્રેસના હાથમાં ૭૫ બેઠકો છે. શિવરાજ સિંહ ચૌહાણ ફરી એક વખત લોકપ્રિય અને વિનર નેતા તરીકે ઉભરી આવ્યા છે. તેમની મહિલાઓ માટેની યોજનાઓ અસરકારક સાબિત થઈ છે. મધ્ય પ્રદેશમાં SP કે BSP ખાતું પણ ખોલાવી શક્યા નથી. મધ્યપ્રદેશમાં ભાજપને ૫૬ બેઠકનો ફાયદો થયો છે જ્યારે કોંગ્રેસને ૫૦ બેઠકોનું નુકસાન છે. ૨૦૦ વિધાનસભા બેઠકો ધરાવતા રાજસ્થાનમાં બહુમતી માટે ૧૦૦ બેઠકો જરૂરી હોય છે. રાજસ્થાનમાં ભાજપ ૧૧૪ બેઠક જીત્યો છે અથવા લીડ મેળવી છે જ્યારે કોંગ્રેસના હાથમાં માત્ર ૭૧ બેઠકો દેખાય છે.

બીએસપીને બે બેઠકો મળી છે. રાજસ્થાનમાં ભાજપને ગઈ ચૂંટણીની તુલનામાં ૪૩ બેઠકો પર ફાયદો થયો છે જ્યારે કોંગ્રેસે ૩૧ બેઠકો ગુમાવી છે. છત્તીસગઢમાં ૯૦ બેઠકોમાં સરકાર બનાવવા માટે ૪૬ બેઠકોની જરૂર હોય છે. અહીં ભાજપે ૬૦ બેઠક જીતી છે અથવા લીડ મેળવી છે અને કોંગ્રેસના હાથમાં ૨૯ બેઠક આવી છે. છત્તીસગઢમાં કોંગ્રેસને ૩૪ બેઠકોનું નુકસાન છે જ્યારે ભાજપને ૪૧ બેઠકોનો ફાયદો છે. તેલંગણામાં કોંગ્રેસને જોરાદાર સફળતા મળી છે અને ૬૬ બેઠકો જીતી લીધી છે અથવા લીડ મેળવી છે. તેલંગણામાં સળંગ બે વખતથી જીતનાર બીઆરએસને માત્ર ૩૭ બેઠક મળી છે જ્યારે ભાજપ ૮ બેઠક જીતી શક્યો છે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે મન મૂકીને વચનો આપ્યા હતા. રેવડી વહેંચવામાં કોઈ પક્ષ પાછળ ન હતા. રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં ખેડૂતોના દેવામાં માફી, સસ્તામાં ગેસ સિલિન્ડર, બેરોજગારી ભથ્થું, મહિલાઓ માટે રોકડ સહાય વગેરે વચનો આપ્યા હતા. મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણની ભાજપ સરકારે 'લાડલી બહેન યોજના' જાહેર કરી હતી જેમાં પાત્રતા ધરાવતી દરેક મહિલાને મહિને એક-એક હજાર રૂપિયાની સહાય કરવામાં આવી હતી.

# વિપક્ષ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## મીડિયાને સંબોધન કરી વિપક્ષી દળો સામે નિશાન તાક્યું



નવી દિલ્હી,

સંસદનું શિયાળુ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. આ સત્રમાં ભાગ લેવા પીએમ મોદી પણ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદની બહાર મીડિયાને સંબોધિત કરી વિપક્ષી દળો સામે નિશાન તાક્યું હતું. પીએમ મોદીએ મીડિયા સમક્ષ કહ્યું કે રાજકીય માહોલ ગરમાયો છે. ગઈકાલે ચાર રાજ્યોની ચૂંટણીના પરિણામ આવ્યા. પરિણામ ઉત્સાહજનક હતા.

આ એમના માટે હતા જે સામાન્ય લોકોના કલ્યાણ માટે, દેશ માટે અને દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કમિટેડ છે. તેમણે વિપક્ષ સામે નિશાન તાકતાં કહ્યું કે હું વિપક્ષી દળોને કહેવા માગુ છું કે તેઓ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે અને ખોટો હોબાળો કરીને સંસદની કાર્યવાહીને ખોરવવાનો પ્રયાસ ન કરે. તેમણે વિપક્ષને કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલાં આ સત્ર આપણા માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે અને આ મોકો આપણે હાથમાંથી જવા ન દેવો જોઈએ.

# ૨૧ ડિસેમ્બર પછી પશુનું રજીસ્ટ્રેશન થશે તો પાંચ ગણી ફી ચૂકવવી પડશે

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરી દેવામાં આવી છે ત્યારે ૨૧ ઓક્ટોબરે જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચાર મહિનામાં રજીસ્ટ્રેશન કરાવવા તાકીદ કરવામાં આવી હતી જે અંતર્ગત હવે ૨૧ ડિસેમ્બરથી પશુઓનું રજીસ્ટ્રેશન કરાવનારને પાંચ ગણી એટલે કે એક હજાર જેટલી ફી ચુકવવી પડશે.

અત્યાર સુધી ફક્ત એક જ લાયસન્સ કોર્પોરેશન દ્વારા ઈશ્યૂ કરવામાં આવ્યું છે.પાટનગર ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ દૂર કરવા માટે કોર્પોરેશન દ્વારા ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરવામાં આવી છે. આ પોલિસી લાગુ કરતાં પહેલાં કોર્પોરેશન દ્વારા શહેરમાં ગેરકાયદેસર રીતે વર્ષોથી ચાલતા ઢોરવાડા હટાવવામાં આવ્યા હતા અને સરકારી કરોડો રૂપિયાની જગ્યા ખાલી કરવામાં આવી હતી. ગાંધીનગર કોર્પોરેશનના નવા અને જૂના વિસ્તારમાં પશુ રાખવા માટે લાયસન્સ ફરજિયાત કરવામાં આવ્યું હતું અને આ માટે ગત ૨૧ ઓક્ટોબરના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચાર મહિનાની અંદર ૨૦૦ રૂપિયા ફી ભરી પશુનું રજીસ્ટ્રેશન કરાવી દેવા માટે તાકીદ કરવામાં આવી હતી.

હાલ કોર્પોરેશન રજીસ્ટ્રેશન માટે એક પશુ દીઠ ૨૦૦ રૂપિયા વસૂલી રહ્યું છે. જોકે આ મામલે કેટલા લોકો વિરોધ પણ નોંધાવી રહ્યા છે ત્યારે આ સમય મર્યાદા ૨૦ ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી છે. એટલે કે હવે ૨૧ ડિસેમ્બરથી પશુઓનું રજીસ્ટ્રેશન કરાવનાર પશુપાલકોએ પાંચ ગણી એટલે કે એક પશુ દીઠ ૧૦૦૦ રૂપિયા જેટલી ફી કોર્પોરેશન તંત્રને ચૂકવવી પડશે. મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં નવા અને જૂના વિસ્તારોમાં ૬૫૯૨ જેટલા પશુઓને આર એફ આઈ ડી ટેગ લગાડી દેવામાં આવ્યા છે.

## તંત્રી લેખ

# વિદેશી નહીં, ભારતીય શિક્ષણ સંસ્થાઓને વિસ્તારવાનો સમય

વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ભારતમાં પોતાનાં કેમ્પસ ખોલવા જઈ રહી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એટલે કે યુજીસીએ તેની અનુમતિ આપી દીધી છે. યુજીસીના આ પગલા પાછળ એક ઉદ્દેશ્ય વિદેશી મુદ્રાની બચત પણ છે. સાથે જ એ આશા પણ, કે તેનાથી પ્રતિભા પલાયન રોકવામાં બહુ મદદ મળશે. દર વર્ષે સાડા સાત લાખથી વધુ ભારતીય છાત્ર અબજો ડોલર ખર્ચ કરીને વિદેશ ભણવા જાય છે. આરબીઆઇ અનુસાર ૨૦૨૨માં લગભગ ૧૩ લાખ છાત્ર વિદેશમાં ભણી રહ્યા હતા. ૨૦૨૧-૨૨માં ભારતીય છાત્રોની વિદેશમાં ભણતર પર ૨૫ અબજ ડોલરની વિદેશી મુદ્રા ખર્ચ થઈ. હાલમાં ઓક્સફર્ડ યુનિ, મેલબર્ન યુનિ, ક્વીન્સલેન્ડ યુનિ, ટેક્સાસ યુનિ અને સેંટ પીટર્સબર્ગ યુનિ જેવી કેટલીય સંસ્થાઓએ ભારતમાં પરિસર ખોલવામાં રસ દેખાડ્યો છે. સવાલ એ છે કે શું વિદેશી યુનિવર્સિટીઓના પરિસર ભારતમાં ખૂલવાથી એવા મેધાવી વિદ્યાર્થીઓને લાભ થશે, જે આર્થિક તંગીને કારણે વિદેશી યુનિવર્સિટીઓમાં નથી જઈ શકતા? ભારતમાં વિદેશી સંસ્થાઓના પરિસર ખૂલી જવાથી વિદેશમાં રહેવાનો ભારે ખર્ચો નિશ્ચિત રૂપે ઘટશે, પરંતુ શું ભારતમાં તેમનાં પરિસર છાત્રોને ટ્યુશન ફીમાં કોઈ મોટી છૂટ આપશે? હાલમાં તો એવા કોઈ સંકેત નથી.

વિદશી યુનિવર્સિટીઓના પરિસર સ્થાપિત કરવા પાછળ જો સરકારની મંશા ભારતને વૈશ્વિક શિક્ષણના એક કેન્દ્ર રૂપે વિકસિત કરવાની છે તો તેણે એવું કરવાની જરૂર નથી. ભારતમાં તો પ્રાચીન કાળથી જ ઉચ્ચ શિક્ષણનાં વૈશ્વિક કેન્દ્ર હતાં. અંગ્રેજી રાજમાં જરૂર ભારતમાં ઉચ્ચ શિક્ષણનો પ્રસાર સ્વદેશીની અવગણના કરતાં થયો હતો. એને કારણે ૧૯૬૮માં ડો. દોલત સિંહ કોઠારીએ પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પ્રસ્તાવનામાં લખવું પડ્યું હતું કે દુર્ભાગ્યે ભારતની શિક્ષણ વ્યવસ્થા ભારત કેન્દ્રિત ન હોઈને યુરોપ કેન્દ્રિત છે. આ યુરોપ કેન્દ્રિત શિક્ષણથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦એક એક ઘણી હદ સુધી મુક્તિ અપાવી. આ નીતિનું જોર જીવન નિર્માણ પર છે. તેમાં જીવનના નિર્માણ માટે જ્ઞાનની એ જ ગરિમાને સ્થાપિત કરવાની વ્યાકુળતા દેખાય છે. સ્વામી વિવેકાનંદે યોગ્ય જ કહ્યું હતું કે જેનાથી આપણે આપણું જીવન નિર્માણ કરી શકીએ, મનુષ્ય બની શકીએ અને વિચારો સાથે સામંજસ્ય કરી શકીએ, એ જ વાસ્તવિક શિક્ષણ છે.


દિલ્હીની ત્રણ કેન્દ્રીય યુનિવર્સિટીઓથી લઈને વિશ્વભારતી યુનિવર્સિટી અને શાંતિનિકેતન સુદ્ઘાં એવાં વિદ્યા કેન્દ્રો છે, જે ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાને લઈને ઉઠનારા પ્રશ્નોને સમજવાનો પ્રયત્ન કરે છે. તેઓ ગુણવત્તાના નામે વિદેશી માપદંડોનું આંધળું અનુકરણ નથી કરતા. જ્યાં સુધી વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં પરિસર ખોલવાથી ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા અને સ્વસ્થ પ્રતિસ્પર્ધા વધવા, શોધ અને નવાચારને પ્રોત્સાહનની વાત કહેવામાં આવી રહી છે, તો હાલમાં જાહેર ક્વાક્વેરેલી સાઈમંડ્સની એશિયા યુનિવર્સિટી રેક્કિંગ ૨૦૨૪ની યાદી જોવાથી જ સ્પષ્ટ છે કે ભારતના વિદ્યા કેન્દ્ર ગુણવત્તામાં કેટલા આગળ છે. ગયા વર્ષની જેમ દિલ્હી યુનિ, આઈઆઈએસસી બેંગલુરુ અને પાંચ ભારતીય ટેક્નોલોજી સંસ્થાઓ - બોમ્બે, દિલ્હી, મદ્રાસ, ખડગપુર અને કાનપુરે એશિયાના શીર્ષ ૧૦૦ સંસ્થાઓમાં સ્થાન હાંસલ કર્યું છે. રેંકિંગ યુનિવર્સિટીઓની સંખ્યામાં ભારતે ચીનને પછાડી દીધું છે.

રેંકિંગ અનુસાર ભારત હવે ૧૪૮ વિશિષ્ટ યુનિવર્સિટીઓ સાથે સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી ઉચ્ચ શિક્ષણ પ્રણાલી છે. એવામાં એ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે ભારત સરકારે વિદેશી યુનિવર્સિટીઓના પરિસર દેશમાં ખોલવાનો જે ઉત્સાહ દેખાડ્યો છે, તેવો જ ઉત્સાહ તેણે દિલ્હી યુનિ અને શાંતિનિકેતન જેવાં વિદ્યા કેન્દ્રોના પરિસર દેશના વિભિન્ન રાજ્યોમાં સ્થાપિત કરવા માટે કેમ ન દેખાડવો જોઈએ? દિલ્હીમાં પ્રવેશ માટે ઈચ્છુક છાત્રોની ભીડ દર વર્ષે વધતી જાય છે. દેખીતું છે કે તેનું કારણ ત્યાં શિક્ષણની ગુણવત્તા છે. ત્યાં પર્યાપ્ત જ્ઞાની, અનુભવી અને ગુણવાન શિક્ષકો છે અને સુવિધાઓ તથા સંસાધનોની પણ ઉપલબ્ધતા છે. એવામાં જો દેશના વિભિન્ન વિસ્તારોમાં દિલ્હી યુનિવર્સિટીના પરિસર ખૂલશે તો દેખીતું છે કે ત્યાં અને આસપાસના પ્રવેશાર્થી વિદ્યાર્થીઓની ભીડને ત્યાં જ રોકીને તેમનો બહુ ઉપકાર કરી શકાશે. દિલ્હીની જેમ આખા ભારતમાં અનેક એવી યુનિવર્સિટીઓ છે જે ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીય મંચ રૂપે વિકસિત થઈ રહી છે. એટલે જ તો ભારતની શિક્ષણ વ્યવસ્થાને વારંવાર આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ મળતી રહી છે. યુનેસ્કો દ્વારા આ વર્ષે શાંતિનિકેતનને વિશ્વ વિરાસત સ્થળ જાહેર કરવું ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની શિક્ષણ વ્યવસ્થાને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ જ છે.

# આ ભાજપની નહીં, મોદીની જીત છે: અધિર રંજન ચૌધરી

## કર્ણાટક અને હિમાચલમાં અમે જીત્યા હતા ત્યારે પીએમ ક્યાં હતા?

## વોટ પીએમ વિરુદ્ધ બઘેલ અને પીએમ વિરુદ્ધ ગેહલોત થયા




નવી દિલ્હી,

એમપી, રાજસ્થાન અને છત્તીસગઢમાં બીજેપીની બમ્પર જીત બાદ કૉંગ્રેસ નેતા અધીર રંજનનું નિવેદન સામે આવ્યું છે. ત્રણ રાજ્યોમાં હાર બાદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે આ બીજેપીની જીત નથી પરંતુ મોદીની જીત છે. થોડા દિવસ પહેલા કર્ણાટક અને હિમાચલમાં અમે જીત્યા હતા ત્યારે પીએમ ક્યા હતા? તેમણે કહ્યું કે, વોટ પીએમ વિરુદ્ધ બઘેલ અને પીએમ વિરુદ્ધ ગેહલોત થયા. સંસદના શિયાળુ સત્રમાં ભાગ લેવા માટે પહોંચેલા કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીએ પત્રકારોએ વિધાનસભા ચૂંટણીના પરિણામો અંગે સવાલ કર્યો તો તેમણે કહ્યું કે, છત્તીસગઢમાં પીએમ મોદી વિરુદ્ધ બઘેલ, રાજસ્થાનમાં પીએમ મોદી વિરુદ્ધ ગેહલોત હતા.

અમે જોયું કે પીએમ મોદી દિલ્હી છોડીને ચૂંટણી જીતવા માટે ગામડાઓમાં ફરી રહ્યા હતા. ભાજપમાં પીએમ મોદી સિવાય કોઈ નથી. ભાજપનું માનવું છે કે. આ પીએમ મોદીની જીત છે, તે ભાજપ, આરએસએસ કે વિશ્વ હિન્દુ પરિષદની જીત નથી.

બીજી તરફ આ સંસદના શિયાળુ સત્રમાં ભાગ લેવા પીએમ મોદી પણ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદની બહાર મીડિયાને સંબોધિત કરી વિપક્ષી દળો સામે નિશાન તાક્યું હતું. પીએમ મોદીએ મીડિયા સમક્ષ કહ્યું કે રાજકીય માહોલ ગરમાયો છે. ગઈકાલે ચાર રાજ્યોની ચૂંટણીના પરિણામ આવ્યા. પરિણામ ઉત્સાહજનક હતા. આ એમના માટે હતા જે સામાન્ય લોકોના કલ્યાણ માટે, દેશ માટે અને દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કમિટેડ છે. તેમણે વિપક્ષ સામે નિશાન તાકતાં કહ્યું કે હું વિપક્ષી દળોને કહેવા માગુ છું કે તેઓ હારનો ગુસ્સો સંસદમાં ન કાઢે અને ખોટો હોબાળો કરીને સંસદની કાર્યવાહીને ખોરવવાનો પ્રયાસ ન કરે.

## આરોપીના પિતાના મોત સાથે આંકડો ૬ પર પહોંચ્યો

# નડિયાદ સીરપકાંડમાં વધુ એકનું મોત નિપજ્યું

નડિયાદ,

નડિયાદમાં સીરપકાંડમાં કેસમાં વધુ એકનું મોત થયું છે. આ સાથે જ મોતનો આંકડો ૬ પર પહોંચી ગયો. કિશન કરીયાણા સ્ટોરના માલિક અને આરોપીના પિતાનું જ આ કેસમાં મૃત્યુ થયું છે. સિવિલ હોસ્પિટલમાં સાકર સોઢાનું મૃત્યુ છે. ૭૨ વર્ષીય દર્દી છેલ્લા સાત દિવસથી વેન્ટિલેટર ઉપર સારવાર હેઠળ હતા. કરિયાણાના માલિક નારણ સોઢા હાલ આરોપી છે.

હજુ પણ આ કેસમાં બે દર્દીઓની સારવાર ચાલી રહી છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ચર્ચિત બનેલા સિરપ કાંડમાં મોટુ અપડેટ સામે આવ્યુ છે. હાલમાં જ મળતી માહિતી પ્રમાણે, ખેડા જિલ્લામાં થયેલા સિરપ કાંડમાં અત્યાર સુધી કુલ ૬ વ્યક્તિઓનું મોત થઈ ચૂક્યુ છે, અને અન્ય કેટલાક લોકો સારવાર હેઠળ છે, હાલમાં માહિતી છે કે, નડિયાદ સિરપ કાંડમાં વધુ એક વ્યકિતની તબિયત લથડી છે. ૪૦ વર્ષીય યુવકને સારવારમાં અમદાવાદ હૉસ્પિટલ ખસેડાયો. ખાસ વાત છે કે, સિરપ કાંડનો ભોગ બનનાર ત્રણ દર્દીઓ સિવિલ હૉસ્પીટલમાં સારવાર લઈ રહ્યાં છે. આમાં વૃદ્ધની હાલતમાં હજુ સુધી કોઈ આવ્યો નથી. આ દર્દી કરિયાણા સ્ટૉરનો માલિક છે, અને તેના પિતાના વેન્ટિલેટર પર છે. સાથે સાથે આ સિરપ કાંડમાં ૩૫ વર્ષીય અમિત સોઢાની હાલત સુધારા પર આવી છે. ઝેરીલા સિરપનું વડોદરા કનેકશન સામે આવ્યું છે. યોગેશ સિંધીએ વડોદરાથી સિરપ ખરીદ્યું હતું. વડોદરામાં જે વ્યક્તિ પાસેથી સિરપ ખરીદ્યું હતું તેની પણ તપાસ શરૂ છે. ખેડા એસપી રાજેશ ગઢીયાએ ઝેરીલા સિરપથી ૫ લોકાનાં મોતની પુષ્ટી કરી છે. તેમણે જે પણ લોકોને આ સિરપની અસર હોય તેમને સિવિલનો સંપર્ક સાધવા અપીલ કરી હતી. કરિયાણાની દુકાન પાસેથી મળેલી સિરપની ખાલી બોટલોના સેમ્પલ હ્રજીન્મા મોકલવામાં આવ્યા છે. સિરપ મોકલનારા વડોદરાના બે લોકો પર અગાઉ રાજકોટમાં ફરિયાદ નોંધાઈ ચુકી છે. કિશોર અને ઈશ્વર નામના બે વ્યક્તિઓ કરિયાણાની દુકાનમાં સિરપ વેચતા હતા. આ કેસમાં નિતિન કોટવાણી નામના સિરપ માફીયા સહિત પાંચ સામે ગુનો પણ નોંધાયો છે. નડિયાદ જિલ્લાના ખેડાના ગ્રામીણ વિસ્તારના ઝહરીલા સિરપકાંડનો રેલો હવે બિલોદરાથી વડોદરા સુધી પહોંચ્યો છે. પાંચ મૃતક પૈકી ચારના પીએમ વગર જ અંતિમસંસ્કાર થઈ ગયા હતા, જોકે પાંચમા મૃતક નટુભાઈ સોઢાનું પોલીસે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ કરાવ્યું હતું. તેના પીએમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ મિથાઈલ આલ્કોહોલ અને પોઈઝનિંગના કારણે થયું હોવાનું સ્પષ્ટ હતું, જેથી પોલીસે ઘટનાના ચોથા દિવસે નડિયાદના ત્રણ અને વડોદરાના બે મળી કુલ પાંચ શખસ સામે ગુનો નોંધ્યો છે.

# ભાજપ સીએમ તરીકે જૂના જોગીઓ પર વિશ્વાસ મૂકશે કે નવા ચહેરા લાવશે

નવી દિલ્હી,

ભારતીય જનતા પાર્ટીએ ૪ માંથી ૩ રાજ્યોમાં જંગી જીત મેળવી છે. આ જીતે ૨૦૨૪ની લોકસભાની ફાઈનલ પહેલા ભાજપને ટોનિક આપ્યું છે. આ વખતે ભાજપે આ ત્રણેય રાજ્યોના મુખ્યમંત્રી ચહેરાનું નામ સુધ્ધાં નથી આપ્યું. પરિણામો બાદ સવાલ એ છે કે કોણ બનશે સીએમ? જુઓ આખા સમીકરણ પણ વિગતે નોંધ. મોદી લહેર પર સવાર થઈને ભાજપે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં મોટી જીત નોંધાવી છે. તેવામાં મધ્યપ્રદેશમાં ભાજપ ફરી સત્તામાં આવી છે.

આની સાથે જ રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસને સત્તા પરથી હટાવી ભાજપે જોરદાર જીત નોંધાવી દીધી છે. તે જ સમયે, કોંગ્રેસે તેલંગાણામાં બીઆરએસને ગાદી પરથી હટાવી દીધી છે. પરિણામો બાદ હવે ભાજપમાં નવી દોડધામ શરૂ થઈ ગઈ છે. એ છે મુખ્યમંત્રી પદ સુધી પહોંચવાની રેસ. આ ત્રણેય રાજ્યોમાં ભાજપ પાસે જૂના અને અનુભવી ચહેરાઓ છે, પરંતુ સવાલ એ છે કે શું ભાજપ જૂના પર વિશ્વાસ કરશે કે નવા ચહેરાને લાવશે. જોકે, ભાજપે જે રીતે બમ્પર જીત નોંધાવી છે અને ભાજપના ટ્રેક રેકોર્ડને જોતા એવું લાગે છે કે ભાજપ નવી નેતાગીરી તૈયાર કરી શકે છે. ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ હંમેશા નવા અને યુવાનોને જવાબદારી આપવાની વાત કરે છે. જોકે આની સાથે જ સવાલ એ પણ છે કે તેલંગાણામાં કોંગ્રેસનો ચહેરો કોણ હશે?

રાજસ્થાનમાં ભાજપે પરંપરા જાળવી રાખીને જીત નોંધાવી છે. અહીં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે ૨૦૦૩થી ભાજપનો ચહેરો છે, પરંતુ ભાજપે આ ચૂંટણીમાં કોઈને પોતાનો ચહેરો બનાવ્યો નથી. શું વસુંધરાને સીએમ બનાવવામાં આવશે? જોકે, છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્રીય નેતૃત્વ સાથે તેમની ખેંચતાણ જોતાં આ શક્યતા ચોક્કસપણે ઓછી જણાય છે. ભાજપે સેફ સીટ પરથી સાંસદ દિયા કુમારીને પણ મેદાનમાં ઉતાર્યા હતા.

શું આ ભાજપના વસુંધરાના સ્થાને દિયાકુમારીને સત્તા પર લાવવાની તૈયારી છે. ચૂંટણી દરમિયાન પણ આ અંગે ઘણી ચર્ચા થઈ હતી. દિયા કુમારીને મુખ્યમંત્રી પદની પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે. અલવરના સાંસદ બાલકનાથનું નામ પણ આની સાથે ચાલી રહ્યું છે, ભાજપે તેમને પણ તિજારા સીટ પરથી ચૂંટણી લડાવી છે. ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ એ જ સંપ્રદાયમાંથી આવે જેમાંથી બાલકનાથ છે. બાલકનાથ રોહતકના બાબા મસ્તનાથ મઠના મહંત છે અને તેમને રાજસ્થાનના યોગી પણ કહેવામાં આવે છે. ખેર, અહીં મુખ્યમંત્રી પદના દાવેદારોની કમી નથી. પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીથી લઈને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, અર્જુન મેઘવાલથી લઈને કિરોની લાલ મીણા સુધીના નામ ચર્ચામાં છે. જોકે, ભાજપમાં મજાકમાં એવું પણ કહેવાય છે કે જેનું નામ લોકપ્રિય છે, તેનું નામ કપાઈ ગયું છે. શિવરાજ સિંહે કઠિન પીચમાં પ્રવેશ કર્યો અને મધ્યપ્રદેશમાં ભાજપે જંગી જીત નોંધાવી છે. જોકે, ભાજપે વડાપ્રધાન મોદીના નામે ચૂંટણી લડી હતી. આવી સ્થિતિમાં મોટો સવાલ એ છે કે જ્યારે શિવરાજના નામ પર ચૂંટણી લડાઈ ન હતી ત્યારે શું ભાજપ તેમને મુખ્યમંત્રી બનાવશે? જો ભાજપ આસામના મોડલને અનુસરે છે તો તે મમતા માટે ફટકો બની શકે છે. જો ભાજપ બહુમતીના આંકડાની નજીક હોત તો શિવરાજના સીએમ બનવાની વધુ તકો હતી, પરંતુ આ જંગી બહુમતી સાથે ભાજપ પાસે પ્રયોગ કરવાની પૂરેપૂરી તક છે.

# વડોદરાની સોસાયટીમાંથી ઝડપાયું કુટણખાનું

વડોદરા,

શહેરના પાણીગેટ વિસ્તારની એક સોસાયટીમાંથી કૂટણખાનું ઝડપી પાડવામાં આવ્યું છે. ત્યાંથી એક વૃદ્ધ અને એક મહિલા દલાલને ઝડપી પાડી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે એક રૂમમાંથી બે કોલગર્લ તથા ૭૦ વર્ષના એક ગ્રાહક પણ મળી આવતા ચકચાર મચી ગયો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, પાણીગેટ આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે ગોવિંદરાવ પાર્ક સોસાયટીમાં કુટણખાનું ચાલી રહ્યું હોય તેવી માહિતી પોલીસને મળી હતી. જે બાદ પોલીસે ત્યાં તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે, મેમણ કોલોનીની સામે ગોવિંદરાવ પાર્કમાં રહેતા અશ્વિન ભાવસાર કૂટણખાનુ ચલાવે છે. આ મકાનનો દરવાજો આગળથી બંધ હતો. પરંતુ પાછળથી ૬૫ વર્ષના અશ્વિન ભાવસારે દરવાજો ખોલ્યો હતો. પોલીસે ઘરમાં જઇને પૂછપરછ કરતા તેણે જણાવ્યુ હતુ કે, ઘરમાં કામવાળા બહેન અને તેનો મિત્ર છે. જોકે, પોલીસે તપાસ કરતા ત્યાંથી સુરત અને વડોદરાની બે કોલ ગર્લ મળી આવી હતી. આ સાથે ત્યાં અન્ય એક મહિલા પણ હતી. જે સોમા તળાવ પાસે રહેતી મુમતાઝબીબી ઉર્ફે સીમાબેન મુનીરમીયા શેખ હોવાનું જાણવા મળ્યુ હતુ. જેની પૂછપરછમાં અનેક ખુલાસાઓ થયા હતા. તેણે જણાવ્યુ હતુ કે, હું અને અશ્વિનભાઈ એક ગ્રાહક દીઠ ૧૨૦૦થી ૧૭૦૦ રૂપિયા લઈએ છીએ. અમે અમારું કમિશન લઈને બાકીના રૂપિયા કોલગર્લને આપી દેતા હતા. પોલીસને વધારે તપાસ કરતા મકાનમાંથી ૭૦ વર્ષના સિનિયર સિટિઝન પણ મળી આવ્યા હતા. જે અંગે જાણવા મળ્યુ હતુ કે, આ ૭૦ વર્ષના વૃદ્ધ પણ અહીં શરીર સુખ માણવા આવ્યા હતા. પાણીગેટ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરીને ગુનો દાખલ કર્યો છે. પોલીસે અશ્વિનભાઈ ભાવસાર તથા મુમતાઝબીબી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે આંધ્ર પ્રદેશ સાથે ટકરાશે

# મિચોંગ વાવોઝોડાના લીધે ચેન્નઈમાં પૂર, આઠના મોત

## તમિલનાડુની રાજધાની ચેન્નઈમાં પૂર જેવી સ્થિતિ છે જ્યારે રાજ્યની નદીઓમાં વરસાદના કારણે પૂરની સ્થિતિ પેદા થઈ છે

નવી દિલ્હી,

આંધ્રપ્રદેશના સીએમ વાયએસ જગનમોહન રેડ્ડી પણ વાવાઝોડાને લઈને સતત બેઠકો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બાપટલા કલેક્ટર કચેરીએ સ્થાનિક લોકોની સુરક્ષા અને રાહત કાર્ય માટે તમામ જરૂરી પગલાં લીધા છે. ચક્રવાતના કારણે અધિકારીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૨૪ કલાક સંકલન અને પરિસ્થિતિની દેખરેખ માટે કંટ્રોલ રૂમની સાથે મેડિકલ કેમ્પ પણ ગોઠવવામાં આવ્યા છે. **NDRF** એ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પુડુચેરી માટે ૧૮ ટીમો તૈનાત કરી છે. ૧૦ વધારાની ટીમો પણ તૈયાર રાખવામાં આવી છે. ચક્રવાતી વાવાઝોડું મિચોંગ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું છે અને તે ઝડપથી દરિયાકાંઠાના વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યું છે. **Zoom Earth Live** વેબસાઈટ અનુસાર, આ વાવાઝોડું ઝડપથી આગળ વધી રહ્યું છે અને તે થોડા કલાકોમાં બાકીના દરિયાકાંઠાના વિસ્તારોમાં પહોંચવાની આશા છે.



તમિલનાડુમાં મિચોંગના કારણે ભારે વરસાદથી સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. તમિલનાડુની રાજધાની ચેન્નઈમાં પૂર જેવી સ્થિતિ છે જ્યારે રાજ્યની નદીઓમાં વરસાદના કારણે પૂરની સ્થિતિ પેદા થઈ છે.

વરસાદને કારણે તમિલનાડુની કૂવમ નદીમાં પાણીનો પ્રવાહ ખૂબ જ મજબૂત બન્યો છે અને તે કાંઠેથી ખૂબ જ ઝડપથી વહી રહ્યો છે. આંધ્રપ્રદેશના બાપટલા ચક્રવાત પહોંચે તે અગાઉ જ વરસાદ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં ખૂબ જ ભારે વરસાદ પડી રહ્યો છે. મિચોંગ રાજ્યના દક્ષિણ કિનારે નેલ્લોર અને મછલીપટ્ટનમ વચ્ચે બાપટલા નજીક લેન્ડફોલ કરે તેવી અપેક્ષા છે. હવામાન વિભાગે ૪ અને ૫ ડિસેમ્બરે ઉત્તર-તટીય તમિલનાડુ અને પુંડુચેરીમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. ૪ અને ૫ ડિસેમ્બરે મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે, જ્યારે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યનમમાં અનેક સ્થળોએ અત્યંત ભારે વરસાદની શક્યતા છે. અહેવાલ અનુસાર, ભારે વરસાદના ભય વચ્ચે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ લગભગ ૮ જિલ્લાઓમાં અધિકારીઓને તૈયારીઓ માટે એલર્ટ જાહેર કર્યું છે.

# લાલ સાગરમાં યુએસના જહાજો પર ડ્રોનથી હુમલા

વોશિંગ્ટન,

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન લાલ સાગરમાં અમેરિકાના એક યુદ્ધજહાજ અને કોમર્શિયલ જહાજો પર હુમલો થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માહિતી અનુસાર આ જહાજો પર ડ્રોન વડે હુમલો કરાયો હતો. પેન્ટાગોને આ માહિતી આપી હતી. યમનના હૌથી બળવાખોરોએ તેના પછી તે જહાજો પર હુમલો કર્યાનો દાવો કરતાં તેને ઈઝરાયલ સાથે જોડ્યું હતું. જોકે અમેરિકી નેવીના જહાજ પર હુમલાની જવાબદારી હૌથી બળવાખોરોએ સ્વીકારી નહોતી. પેન્ટાગોને કહ્યું હતું કે અમને લાલ સાગરમાં અમેરિકી યુદ્ધજહાજ અને કોમર્શિયલ જહાજો પર હુમલાની જાણકારી મળી છે. ડ્રોન વડે આ હુમલો કરાયો હતો. જે સવારે લગભગ ૧૦ વાગ્યે થયો હતો અને લગભગ પાંચ કલાક સુધી હુમલા કરાયા હતા.

તમને જણાવી દઈએ કે યમનમાં ઈરાન સમર્થિત હૌતી બળવાખોરોએ લાલ સાગરમાં ઈઝરાયલ તરફ અવર જવર કરતાં જહાજોને સતત નિશાન બનાવવાની શરૂઆત કરી છે. ઈઝરાયલને નિશાન બનાવીને જ આ હુમલા કરાતા હોવાનો પણ દાવો કરાયો છે. જોકે હૈતી તરફથી આ મામલે કોઈ નિવેદન આવ્યું નથી.

# પહેલા જાતે કચરો નાંખ્યો પછી સાંસદ, MLA પાસે સફાઈ કરાવી

અમદાવાદ,

આણંદમાં એસટી પ્રશાસને સ્વચ્છતાના નામે માત્ર ફોટો સેશન કરાયાનો પર્દાફાશ થયો છે. શુભયાત્રા, સ્વચ્છ યાત્રા કાર્યક્રમને સફળ બનાવવા માત્ર નાટક જ કરાયાનું સામે આવ્યું છે. સ્વચ્છતા અભિયાનને લઈ બસ સ્ટેશનમાં એસટી પ્રશાસનનાં અધિકારીઓએ જાતે જ કચરો નંખાવ્યો હતો અને ત્યારબાદ સાંસદ અને ધારાસભ્યોની હાજરીમાં સફાઈ કરાવી ફોટો સેશન કર્યું હતું.

જાતે જ કચરો નાંખતો વીડિયો વાયરલ થતા આણંદ એસટી પ્રશાસનના તમાશાની પોલ ખૂલી છે. આ અંગે સાંસદ મિતેશ પટેલ અને ધારાસભ્ય યોગેશ પટેલનો સંપર્ક કરતા સમગ્ર ઘટના અંગે અજાણતા દર્શાવી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, એક વ્યક્તિ ડસ્ટબીનમાંથી કચરો એસટી ડેપોમાં ચારેય બાજુ નાંખી રહ્યો છે. ત્યાર બાદ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાંસદ અને ધારાસભ્ય સહિતનાં મહાનુભાવો દ્વારા આણંદ એસ.ટી. બસ મથકમાં ફોટા પડાવ્યા બાદ એસ.ટી.બસ મથકમાં નાંખવામાં આવેલ કચરાની સાફ સફાઈ કરી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ લોકોમાં ભારે ચર્ચાસ્પદ બની છે. ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા શુભ યાત્રા-સ્વચ્છ યાત્રા અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે. શુભ યાત્રા-સ્વચ્છ યાત્રા અભિયાન અંતર્ગત અમરેલી ખાતે નવા બની રહેલ એસ.ટી ડેપો સહિતના એસ.ટી. બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી.

લાખવડી ભાગોળ અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરનું કૌભાંડ પકડાયું

# મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ સામે આવ્યું

## હેલ્થ વર્કર્સે કુટુંબ નિયોજનના ઓપરેશના ૩૦૦ આંકડા આપ્યા, પરંતુ ડેટામાં કોઈનું નામ સામેલ નથી

મહેસાણા,

મહેસાણામાં ૩૦૦ જેટલા કુટુંબ નિયોજનના ઓપરેશન થયા પણ કોના થયા ખબર નથી! કોનું ઓપરેશન થયું એની વિગતો નહિ પણ આંકડા આપી દેવાયા છે. મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે.

લાખવડી ભાગોળ અર્બન હેલ્થ સેન્ટર અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે ચાલતું આ કૌભાંડ પકડાયું છે. બહુચર્ચિત બન્યું છે. લાખવડી ભાગોળ અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરનું કૌભાંડ પકડાયું છે. જેમાં ૧૦ જેટલી મહિલા હેલ્થ વર્કરને નોટિસ ફટકારવામાં આવી છે. કુટુંબ નિયોજનના ખોટા આંકડા આપવા માટે નોટિસ અપાઈ છે. હેલ્થ વર્કર્સે કુટુંબ નિયોજનના ઓપરેશના ૩૦૦ આંકડા આપ્યા, પરંતુ ડેટામાં કોઈનું નામ સામેલ નથી. મહેસાણામાં ૩૦૦ જેટલા કુટુંબ નિયોજનના ઓપરેશન થયા પણ કોના થયા ખબર નથી! કોનું ઓપરેશન થયું એની વિગતો નહિ પણ આંકડા આપી દેવાયા છે. મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. લાખવડી ભાગોળ અર્બન હેલ્થ સેન્ટર અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે ચાલતું આ કૌભાંડ પકડાયું છે.

# ગુજરાતના દોઢ લાખથી વધુ શિક્ષકોએ CPR ટ્રેનિંગ મેળવી

અમદાવાદ,

રાજયના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR ટ્રેનિંગ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં ૩૭ મેડિકલ કૉલેજ અને અન્ય ૧૪ સ્થળોએ ૨૫૦૦ થી વધું ડૉક્ટર્સ રાજયના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR (કાર્ડીયો પલ્મોનરી રેસીસિટેશન) તાલીમ આપવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બીજે મેડિકલ કોલેજ ખાતે રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ તાલીમમાં સહભાગી બનીને શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો.

રાજયના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR ટ્રેનિંગ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં ૩૭ મેડિકલ કૉલેજ અને અન્ય ૧૪ સ્થળોએ ૨૫૦૦ થી વધું ડૉક્ટર્સ રાજયના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR (કાર્ડીયો પલ્મોનરી રેસીસિટેશન) તાલીમ આપવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બીજે મેડિકલ કોલેજ ખાતે રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ તાલીમમાં સહભાગી બનીને શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો. આરોગ્ય મંત્રી દ્વારા રાજયમાં કુપોષણના બાળકો ચિંતાનો વિષય હોવાનો પણ જણાવવામાં આવ્યું અને તે બાબતે શિક્ષકો મહત્વની કામગીરી કરી શકે તેમ જણાવ્યું હતું. અગાઉ પોલીસને CPR ટ્રેનિંગ આપ્યા બાદ હવે શિક્ષકોને મોટી સંખ્યામાં આ તાલીમ આપવામાં આવશે.

# ૧૧૬ નશાકારક સીરપની બોટલો પોલીસે જપ્ત કરી

રાજકોટ,

રાજકોટના વિંછિયા, કોટડા સાંગાણીમાંથી નશાકારક સીરપની બોટલનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. મળતી જાણકારી અનુસાર, વીંછિયા અને કોટડા સાંગાણીમાં રાજકોટ ગ્રામ્ય એસઓજીએ દરોડા પાડીને સીરપનો જથ્થો જપ્ત કર્યો હતો. વીંછીયામાં પ્રિયાંશી પાનની દુકાનમાંથી પોલીસે નશાકારક સીરપની ૭૯ બોટલ તો કોટડા સાંગાણીના હરપાલ કોલ્ડ્રીંક્સમાંથી ૩૭ સીરપની બોટલ મળી આવી હતી. બંને જગ્યાથી કુલ ૧૭ હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. નડિયાદમાં સીરપકાંડમાં કેસમાં વધુ એકનું મોત થયું છે. આ સાથે જ મોતનો આંકડો ૬ પર પહોંચી ગયો. કિશન કરીયાણા સ્ટોરના માલિક અને આરોપીના પિતાનું જ આ કેસમાં મૃત્યુ થયું છે. સિવિલ હોસ્પિટલમાં સાકર સોઢાનું મૃત્યુ છે. ૭૨ વર્ષીય દર્દી છેલ્લા સાત દિવસથી વેન્ટિલેટર ઉપર સારવાર હેઠળ હતા.

કરિયાણાના માલિક નારણ સોઢા હાલ આરોપી છે. હજુ પણ આ કેસમાં બે દર્દીઓની સારવાર ચાલી રહી છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ચર્ચિત બનેલા સિરપ કાંડમાં મોટુ અપડેટ સામે આવ્યુ છે. હાલમાં જ મળતી માહિતી પ્રમાણે, ખેડા જિલ્લામાં થયેલા સિરપ કાંડમાં અત્યાર સુધી કુલ ૬ વ્યક્તિઓનું મોત થઈ ચૂક્યુ છે, અને અન્ય કેટલાક લોકો સારવાર હેઠળ છે, હાલમાં માહિતી છે કે, નડિયાદ સિરપ કાંડમાં વધુ એક વ્યકિતની તબિયત લથડી છે. ૪૦ વર્ષીય યુવકને સારવારમાં અમદાવાદ હૉસ્પિટલ ખસેડાયો. ખાસ વાત છે કે, સિરપ કાંડનો ભોગ બનનાર ત્રણ દર્દીઓ સિવિલ હૉસ્પીટલમાં સારવાર લઈ રહ્યાં છે. આમાં વૃદ્ધની હાલતમાં હજુ સુધી કોઈ આવ્યો નથી. આ દર્દી કરિયાણા સ્ટૉરનો માલિક છે, અને તેના પિતાના વેન્ટિલેટર પર છે. સાથે સાથે આ સિરપ કાંડમાં ૩૫ વર્ષીય અમિત સોઢાની હાલત સુધારા પર આવી છે.



ગુજરાતમાં વધી રહેલ ઠંડીના કારણે તિબેટીયન માર્કેટમાં સ્વેટરની ખરીદી કરવા માટે લોકોની ભીડ જોવા મળી રહી છે.

# અમદાવાદમાં એક સાથે ત્રણેય RTOના સર્વરમાં ખામી સર્જાઇ

અમદાવાદ ,

ગુજરાતમાં RTO સર્વરમાં વારંવાર ખામી સર્જાતી હોય છે, ત્યારે ફરી એક વાર RTOના સર્વરમાં ખામી સર્જાઇ હોવાનું સામે આવ્યુ છે. જેના કારણે અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. અરજદારોની ઓનલાઇન કામગીરી પણ અટવાઇ પડી છે. વસ્ત્રાલ RTO હોય કે પથી સુભાષ બ્રિજ અથવા બાવળા RTO, ત્રણેયના સર્વરમાં ખામી સર્જાતા મોટી સંખ્યામાં અરજદારોના કામ અટકી ગયા છે.અમદાવાદમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી RTOનું સર્વર ઠપ થવાની સમસ્યા સર્જાઇ છે. ખાસ કરીને ઈન્ટરનેશનલ લાયસન્સની ચાર હજાર અરજી ફસાઈ છે. ત્રણેય RTOમાં અંદાજે ૩૦૦૦થી વધુ અરજદારોને ધક્કો ખાવાનો વારો આવ્યો છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya